# ડીસા પાલિકાની દબાણ ઝૂંબેશમાં રીઢા દબાણદારોના પાકા દબાણોનો સફાયો

ડીસા, તા. ૩

ડીસામાં આજે નગરપાલિકાએ મોટા પોલીસ કાફલા



સાથે દબાણો દુર કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં જુના બસ સ્ટેન્ડથી ગાયત્રી મંદિર રોડ પર બેકરી કુવા વ્હોળા પરના હજારો ફૂટ મુખ્ય માર્ગ પરનાં પાકા દબાણો દુર કર્યા હતા. જેનાથી રીઢા દબાણદારો માં ફફડાટ ફેલાયો હતો.

બનાસકાંઠાના મુખ્ય વહેપારી મથક ડીસામાં જાહેરમાર્ગો પર અનેક લોકોએ કાચાપાકા દબાણ કરતા આ માર્ગો સાંકડા બન્યા હતા. જેનાથી રાહદારી અને વાહનચાલકો ભારે અગવડ ભોગવી રહ્ના હતા. જે સામે ડીસા નગરપાલિકા -મુખ કેલાશબેન શાહ દ્વારા કડકાઈએ કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેમાં આજ રોજ ડીસા નગરપાલિકા દબાણ વિભાગ ની ટીમ દ્વારા પી. એસ. આઈ. જે. બી. આસોડિયા અને પોલીસ ટીમ સાથે આ ઝુંબેશમાં રોડ પર વર્ષોથી હજારો ફૂટનું કાચું-પાકું દબાણ કરી દુકાનો શેડ બનાવી રસ્તો અવરોધતા તોડી અહી હોકર્સઝોન બનાવી ફેરીયા અને પાથરણા વાળાંઓને જગ્યા ફાળવાશે તેમજ પાર્કિંગ સ્ટેન્ડ બનાવશે. જયારે રેજીમેન્ટ વિસ્તારમાં -ાથમિક સ્કુલ કોટ અને તિરુપતિ સોસાયટી કોટ દબાણ માં હોઈ તોડી પડાયો છે ? આ રસ્તો ૮૦ ફૂટનો હોઈ આજુબાજુના તમામ દબનો તોડી રસ્તો ખુલ્લો કરાશે.

આમ, પાલિકા આજની દબાણ ઝુંબેશમાં ડીસાનાં જુના બસસ્ટેન્ડથી ગાયત્રી મંદિર રોડ પર બેકરીકુવા વ્હોળા વિસ્તારમાં મુખ્યરોડ પરનાં દબાણો દુર કરી રેજીમેન્ટ વિસ્તારની -ાથમિક સ્કુલ અને બાજુમાં જ આવેલી



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસાનાં જુના બસસ્ટેન્ડથી ગાયત્રી મંદિર રોડ પર બેકરી કુવા વ્હોળા વિસ્તારમાં મુખ્યરોડ પરનાં દબાણો દુર કરવા ઝુંબેશ હાથ ધરી હતી. અનેકો દબાણો બુલડોઝર વડે તોડી પાડયા હતા. આ વિષે પાલિકાના દબાણ અધિકારીએ જણાવેલ કે જુના બસ સ્ટેન્ડ વિસ્તારનાં દબાણો તિરુપતિ સોસાયટીની -ેટેકશન વોલ તોડી પાડી આ ૮૦ ફૂટના મુખ્યરોડને ખુલ્લો કરવા કવાયત હાથ ધરતા દબાણદારોમાં ફફડાટ વ્યાપેલ છે.

## BRTSમાં પ્રજ્ઞાચક્ષુઓ માટે ફ્રી મુસાફરીની જાહેરાત થઈ

અમદાવાદ, તા.૩

વિશ્વ વિકલાંગ દિવસે અમદાવાદ કોર્પોરેશને પ્રજ્ઞાચક્ષુ માટે બીઆરટીએસ બસમાં મફત મુસાફરીની આજે જાહેરાત કરી હતી. આ ઉપરાંત વિકલાંગો માટે ૪૦ ટકા રાહત આપવાની જાહેરાત કરી હતી. આનાથી ખૂબ મોટી રાહત મળવાની શક્યતા છે. વિકલાંગોમાં ખુશીનુ મોજું ફરી વળ્યું છે. સ્માર્ટકાર્ડની જાહેરાત પણ કરાઈ હતી. કોર્પોરેશનના અંદાજ મુજબ આ યોજનાથી શહેરના અંદાજે પથી સાત હજાર પ્રજ્ઞાચક્ષુ તથા વિકલાંગોને ફાયદો થશે. કોર્પોરેશન આ યોજના અંધજન મંડળને સાંકળીને ચલાવી રહ્યું છે જેમાં અંધજન મંડળ દ્વારા પ્રજ્ઞાચક્ષુઓએ એક ફોર્મ ભરાવાશે. આ ફોર્મ અંધજન મંડળ બીઆરટીએસ વિભાગને અપાશે જેના આધારે કાર્ડ બનાવી આપવામાં આવશે. જો કે, શહેરની મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત એએમટીએસમાં આ યોજના પહેલાથી જ અમલી છે જેમાં પ્રજ્ઞાચક્ષુઓ માટે ફ્રી છે જ્યારે જે વ્યક્તિ ૫૦ ટકાથી વધુ વિકલાંગ હોય તે ઓછામાં ઓછી ટિકિટ પર મુસાફરી કરી શકે છે. એએમટીએસમાં ચાલતી યોજનાનો લાભ લેવા માટે મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલના આરએમઓ, સિવિલ સર્જન કે પછી પ્રજ્ઞાચક્ષુઓની શાળાના પ્રિન્સિપલ દ્વારા ૧૦૦ ટકા અંધનું સર્ટિફિકેટ અને આઈકાર્ડ હોવું જરૂરી છે. રાજ્ય સરકાર દ્વારા એસટી બસોમાં પણ પ્રજ્ઞાચક્ષુ અને વિકલાંગોને ફ્રી મુસાફરીની સેવા અપાય છે. જો કે, તેના માટે સરકારે નક્કી કરેલા નિયમો અને આઈકાર્ડ હોવું જરૂરી છે.

# ભાજપે સંગઠન પર્વે મોડાસા બસ સ્ટેન્ડમાં સદસ્યતા અભિયાન આરંભ્યું

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો અને ભારતીય જનતા પાર્ટીના પ્રખર કાર્યકરોએ મોડાસા શહેરમાં આવેલા એસ.ટી. બસસ્ટેન્ડમાં લોકો ભારતીય જનતા પાર્ટીના પ્રાથમિક સભ્ય બને તેના માટે કવાયત હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લા ભાજપા કાર્યાલય અને ભારતીય જનતા પાર્ટીના પ્રખર સભ્યોએ મેઘરજ રોડ પર આવેલા જિલ્લા ભારતીય કાર્યાલયથી રેલી સ્વરૂપે લોકોમાં ભારતીય જનતા પાર્ટીની લોકપ્રિયતા વધે તે માટે રેલી કાઢી મોડાસા એસ.ટી. સ્ટેન્ડમાં નવા પ્રાથમિક સભ્યો બનાવવા માટે લોકોને સમજાવ્યા હતા. તેમજ ભારતીય જનતા પાર્ટીએ જાહેર કરેલા ટોલફ્રી નંબર પર ૧૮૦૦૨૬૬૨૦૨૦૫૨ નંબર જોડી લોકોને પ્રાથમિક સદસ્ય બનાવ્યા હતા. સંગઠન પર્વ નિમિત્તે અરવલ્લી જિલ્લાના વધારેમાં વધારે લોકો સુધી પહોંચી લોકોને ભારતીય જનતા પાર્ટીમાં જોડવા માટે કાર્યકરો ખૂબ જ મહેનત કરી રહ્યા છે. અરવલ્લી જિલ્લા ભાજપના હર્ષદગીરી ગોસ્વામીએ અંદાજે ૧ લાખથી પણ વધારે સદસ્યો બનાવવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. તેમજ આજના દિવસે ૧૫૦૦થી ૨૦૦૦ લોકોને ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હોવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા ભાજપ પ્રભારી અને મંત્રી હર્ષદગીરી ગોસ્વામી, અરવલ્લી



(તસવીર : જય અમીન, મોડાસા)

જિલ્લા પ્રમુખ ભરતસિંહ રહેવર, જિલ્લામંત્રી ધીરૂભાઈ પ્રજાપતિ, મોડાસા નગરપાલિકા પ્રમુખ એસ.આર. પટેલ, નગરપાલિકાના સદસ્યો શૈલેષભાઈ, નિતિન પંડ્યા, ભારતીય યુવા મોરચો તેમજ મોડાસા નગરપાલિકાના પૂર્વ કોર્પોરેટર નિલેષ જોષી, મોડાસા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અશોક પટેલ, ભારતીય જનતા પાર્ટીનો મહિલા મોરચો તેમજ અન્ય ભારતીય જનતા પાર્ટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસામાં ૧૮મીએ મુખ્યમંત્રીનુ આગમન : વિવિધ કાર્યોનું લોકાર્પણ કરશે

મોડાસા, તા. ૩

અરવલ્લીના મોડાસા શહેરમાં આગામી ૧૮મી ડિસે. ૨૦૧૪ના રોજ રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આવનાર છે. જેના પગલે આજે જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટના અધ્યક્ષ સ્થાને અધિકારીઓની એક બેઠક યોજાઈ હતી. જેમાં કાર્યક્રમ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના વરદહસ્તે વિવિધ કાર્યક્રમોનું લોકાર્પણ અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. જે અંતર્ગત જિલ્લામાં પ્રથમવાર રવિકૃષિ મહોત્સવ યોજાશે જેમાં કૃષિ, બાગાયત, પશુપાલન, સહકાર વિભાગના વિવિધ પ્રદર્શન-નિદર્શન તેમજ ગોષ્ઠીના કાર્યક્રમો વિતરણ કરવામાં આવશે. સ્વચ્છતા અભિયાન અન્વયે મોડાસા નગરપાલિકા વિસ્તારમાં ૬૦૦ શૌચાલયોનું લોકાર્પણ, વિવિધ બિલ્ડીંગ, આર.ટી.ઓ. ઓફિસ, જલભવન વગેરેના ભૂમિપૂજનના કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવશે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

બાબતે આગોતરા આયોજનની જિલ્લા સંલગ્ન વિભાગના અધિકારી સાથે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. નવરચિત અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા ખાતે આગામી ૧૮મી ડિસેમ્બર-૨૦૧૪ ના થનાર છે. ઉપરાંત સિંચાઈના રૂ. ૪.૧૦ કરોડના ખર્ચે નર્મદા કેનાલનો લોકાર્પણ કાર્યક્રમ, રાજ્ય સરકારની દૂધ સંજીવની યોજના અંતર્ગત મોડાસાની ૨૨૧ પ્રાથમિક શાળાઓમાં પ્રથમવાર બાળકોને દૂધ

આ બેઠકમાં ટી.ડી.ઓ. નાગરાજન, જિલ્લા પોલીસ વડા, મયુરસિંહ ચાવડા, અધિક કલેક્ટર એ.બી. પટેલ, ભાર્ગવીબેન દવે, એમ.બી. પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

## મોડાસામાં વિકલાંગ ડે ની ઉજવણી કરાઈ

અરવલ્લીના મોડાસા શહેરમાં વિશ્વ વિકલાંગ ડે નિમિત્તે જિલ્લાના વિકલાંગ બાળકોની સાથે વિકલાંગ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિકલાંગના સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા. અરવલ્લીના મોડાસા શહેરમાં વિકલાંગ બાળકો માટેની એક માત્ર વિકલાંગ આઈટીઆઈ સંસ્થા કાર્યરત છે. જ્યાં આજે જિલ્લાના અધિક કલેક્ટર અશોકભાઈ પટેલ સંસ્થાના પ્રમુખ સામળભાઈ પટેલ, ડૉ. ટી.બી. પટેલ, કિરીટ સુથાર વગેરેની ઉપસ્થિતિમાં વિકલાંગ ડે નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. ઉપરાંત હિંમતનગર સિવિલ હોસ્પિટલના ડૉક્ટરોએ વિકલાંગ બાળકોને તપાસી તેમને વિકલાંગતાના સર્ટીફિકેટ આપ્યા હતા.

# મેઘરજ તાલુકાના રસ્તાઓ પર કૂદતા કૂદતા મુસાફરી કરવી પડે છે

મોડાસા, તા. ૩

મેઘરજ તાલુકાની કાયાપલટ બદલવા માટે સરકારશ્રી દ્વારા વધારે ગ્રાન્ટ ફાળવવામાં આવે તો જૂના પેવર રસ્તાઓ એક સરખા બને તો જ પેવર રોડ ગણાય. હાલના ઘણા રસ્તાઓ ઉબડ ખાબડ બની ગયા છે. કેટલીક જગ્યાએ માલ નાખીને રસ્તાઓ સરખા કરવા પડે છે.

ઈસરી ખાતે શતાબ્દિ મહોત્સવ પ્રસંગે સુરત-ગોધરા-મહેસાણા-ગાંધીનગરથી જે મહેમાનો આવ્યા તેમણે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે આવા રસ્તાઓ ઉપર ઈસરી આવવું તેના કરતા તો હિંમતનગર રોકાઈને પાછા જવું સારૂ. કમરની નસો-મણકા તુટી જાય તેવા મેઘરજ તાલુકાના રસ્તાઓ તાલુકાની આબરૂ અને વિકાસની ઝાંખી કરાવીને પછાતપણુ દર્શાવે છે. ત્યારે 'અચ્છે દિન' ક્યારે આવશે તે સવાલ છે.

મેઘરજથી ગાંધીકંપા-પંચાલ-ઈટવા થઈ રેલ્લાવાડા અને આંબા સ્ટેન્ડથી લાલપુર-વાંક થઈને કસાણા-વાઘપુર-પંડુલી ઢેંકવાનો રસ્તો બનાવીને જનતાને ખુશ કરવામાં આવેલ છે તેવું રાહદારીઓ જણાવેછે. હજુપણ ગામડાના રસ્તાઓની દશા સુધરી નથી અને સુધારવામાં આવી નથી. સાધન ચલાવનારા એકધારી ૪૦ કિ.મી.ની ઝડપે જઈ શકતા નથી જેથી વારંવાર અકસ્માતો થાય છે આ માટે કોણ જવાબદાર ?

# ૭ મહિનાની માસુમ બાળકી પર બળાત્કારથી સનસનાટી

## બળાત્કાર ગુજારનાર શખ્સ ફરાર થયો : માસુમ બાળકીને જેની પાસે મુકીને ગયા હતા તે જ શખ્સે બળાત્કાર ગુજાર્યો

અમદાવાદ, તા.૩

ગુજરાતના પાટણ જિલ્લામાં ૭ મહિનાની બાળકી ઉપર બળાત્કાર ગુજારવાનો કમકમાટીભર્યો કિસ્સો સપાટી પર આવ્યો છે.

ગઈકાલે રાત્રે બળાત્કારનો આ બનાવ બન્યો હતો. બળાત્કાર ગુજારનાર શખ્સ ફરાર થઈ ગયો છે જ્યારે માસુમ બાળકીન સારવાર માટે ચાણસમામાં ધરપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ છે જ્યાં તેની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. ચાણસ્મા પોલીસ સ્ટેશનના પીએસઆઈએ માહિતી આપતા કહ્યું છે કે, આ શખ્સે ચાણસ્મા તહેસીલમાં ઈટોડા ગામમાં બાળકીના નિવાસ સ્થાને જઈને તેના પર બળાત્કાર ગુજાર્યો હતો.

આરોપી શખ્સ ૩૨ વર્ષીય ભવાનજી ઠાકોર તરીકે ઓળખાયો છે. તે ભોગ બનેલી બાળકીના પરિવારને ઓળખતો હોવાનું પણ જાણવા મળેલ છે. એક ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે બાળકીના માતા-પિતા ગયા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. પરિવારે તેમની નાની બાળકીને તેની કાળજી લેવા આરોપીને સોંપીને ગયા હતા.જોકે, જ્યારે પરિવારના સભ્યો પરત ફર્યા ત્યારે આરોપી શખ્સ ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો અને બાળકી ગંભીર હાલતમાં મળી આવી હતી.

બાળકીની કાળજી લેવામાં આવતા અને ચકાસણી કરવામાં આવતા જાણવા મળ્યું હતું કે તે બળાત્કારનો શિકાર થઈ છે. ભોગ બનેલી બાળકીના પરિવારના સભ્યોએ તરત જ ઠાકોરના ઘર પર જઈને ધાકધમકી આપી હતી. જોકે, આરોપીએ પણ ગંભીર પરિણામો આવવાની વળતી ધમકી આપી હતી.

રેપ અંગે જો કોઈને જાણ કરશે તો ખરાબ પરિણામ આવશે તેવી ધમકી આપવામાં આવી હતી. દરમિયાન પોલીસે પરિવારની ફરીયાદના આધાર ઉપર એફઆઈઆર નોંધીને ઈન્ડીયન પેનલ કોડની જુદી જુદી કલમ હેઠળ તપાસ હાથ ધરી છે. આ કેસના સંદર્ભમાં ઓછામાં ઓછી સાત વર્ષની સજા થવાની જોગવાઈ રહેલી છે. આરોપીને પકડી પાડવા માટે પોલીસે પોતાની રીતે ચક્રોગતિમાન કર્યા છે.

# મેઘરજ તાલુકામાં રાજીવ ગાંધી પંચાયત ઘરની બદતર હાલત

મોડાસા, તા.૩

રાજય સરકાર દ્વારા ગ્રામિણ વિસ્તારોમાં મતદારોની સગવડતા-પંચાયતના કામો માટે પંચાયત ઘર ઉપરાંત રાજીવ ગાંધી ભવન પંચાયત ઘર બનાવવા આપેલ છે. ૧૫ થી ૨૦ લાખના મકાનો બનાવવા કોટ્રાકટરને એ ઠેકો લીધો અને કામો ચાલુ કર્યે આજે તો બે વર્ષ પૂર્ણ થવા છતાં કામગીરી ગોકળ ગાયની ગતિએ ચાલે છે. મેઘરજ તાલુકામાં જે રાજીવ ગાંધી ભવન બન્યાં છે. તેની કોઈ તપાસ કરતું જ નથી. સિમેન્ટ, લોખંડ-રેતી દરવાજા કેવા હલકા પ્રકારના છે તે જોવાતું નથી. સીલીંગના ધાબા ભરાયા પછી ડોલેડોલે બે દિવસ છે. માત્ર મજુરોથી જ કામ થોડુંક થયું છે. મોટા મોટા કોન્ટ્રાકટરો ગાડીઓમા ફરે અને દૂરબીનથી જોતા હોય છે. ફોનથી સમાચાર આપે ૬૦ : ૧ન માલ બનાવજો. ૧૦થેલીમાં તમામ પ્લાસ્ટર પુરું કરવાનું છે પછી મજૂરોને શું કરવાનું વેઠ ઉતારીને કામ પુરું કરવામાં આવે છે. આજેપણ સરકી લીંબડી તરકવાડા ખાતે પંચાયત ઘર ખરાબ હાલતમાં જોવા મળે છે. સમયની મર્યાદામાં કામ કયારે પૂર્ણ થશે અને મકાન સુપરત થશે તંત્રએ તારીખો જોઈ નથી ત્યારે જનતામાં સવાલ એ ઉભો થાય છે કે આવાં ૨૦ લાખનાં મકાનો આમ ને આમ ખંડેર બની જવાનાં? આ અંગે ઉચ્ચ કક્ષાએ તપાસની માંગણી કરી છે.

# શામળાજી ખાતે રૂ. ૫૩.૫૦ લાખના ખર્ચે તૈયાર પાણીની ટાંકીનું લોકાર્પણ કરાયું

મોડાસા, તા. ૩

ભિલોડા તાલુકાના શામળાજી ખાતે ગુજરાત પાણી પુરવઠા બોર્ડ મોડાસા દ્વારા નિર્મિત ધાર્મિક સ્થળોની યોજના અન્વયે અંદાજીત રૂ. ૫૩.૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલ પાણીની ટાંકીનું જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટે લોકાર્પણ કર્યુ હતુ. જિલ્લા કલેક્ટરે આ પ્રસંગે જણાવ્યું હતું કે રાજ્યના આદિવાસી અને ધાર્મિક સ્થળ એવા શામળાજી ખાતે સામાન્ય જનની સુવિધામાં આ પાણીની ટાંકી કાર્યાન્વિત થવાથી વધારો થશે. રાજ્ય સરકારે દરેક ગામ, નગર તથા શહેરને પીવાના પાણી પુરૂ પાડવાની પ્રાથમિકતા આપી છે. ત્યારે અમુલ્ય એવા પાણીની સુવિધાનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો. ઉપરાંત સ્વચ્છતા



અભિયાનનો ઉલ્લેખ કરતા કલેક્ટરે પાણીની સુવિધા, ગંદકી અને ફેલાતી માંદગીથી છૂટકારો મેળવવા ગામમાં સ્વચ્છતા રાખવા પર પ્રજાજનોને અપીલ કરી હતી. કાર્યપાલક ઈજનેર મુકેશભાઈ શ્રોફ, ભિલોડા મામલતદાર સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧